આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૩૫૨ | ૮ માર્ચ, ૨૦૧૫, રવિવાર ; ફાગણ વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦




# રંગનું પર્વ માતમમાં ફેરવાયુ : પાંચના મોત

## શહેરના સે-૨૬ના બે યુવાનો ભાટ ગામની સીમમાં નદીના સાયફનમાં અને ગોતાના ત્રણ યુવાનો જાસપુર કેનાલમાં ડુબી જતા મોત : પરિવારજનોમાં શોકનું મોજુ ફરી વળ્યું

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર જિલ્લામાં ધૂળેટીના પર્વ દરમિયાન ડૂબી જવાના લીધે ૫ યુવાનોના કરૂણ મોત નિપજયા છે. સાબરમતી નદીના કરાઈ સાયફનમાં ધૂળેટી રમીને ન્હાવા પડેલા સે-૨૬ના ચાર યુવાનો પૈકી બેનું ડૂબી જવાતી મોત નિપજયું છે. જયારે અન્ય બેનો બચાવ થયો છે. બીજી તરફ કલોલની જાસપુર કેનાલમાં ન્હાવા પડેલા અમદાવાદના ત્રણ યુવાનો પણ ડૂબી જવાથી મોતને ભેટયા છે. ધૂળેટીના પર્વ દરમિયાન જિલ્લામાં ૫ યુવાનોને પાણી ભરખી જતા ગમગીની છવાઈ ગઈ હતી. મૃતક યુવાનોના પરિવારજનોમાં પણ કરૂણ આક્રંદ સાથે હોળીનું પર્વ બેરંગ બની ગયું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર શહેરના સેકટર-૨૬ સ્થિત કિશાન નગરમાં રહેતા બે પરિવારોમાં



હર્ષોલ્લાસ અને રંગોનો પર્વ ધૂળેટી માતમમાં છવાઈ ગયો હતો અન બંને પરિવારના જુવાનજોધ યુવાનો ધૂળેટીના દિવસે જ મોતને ભેટયા હતા. આ ઘટનાની વિગત એવી છે કે ગાંધીનગર શહેરના સેકટર-૨૬ના કિશાનનગરમાં રહેતા ચાર મિત્રો કેતનસિંહ મહેન્દ્રસિંહ ચૌહાણ (ઉ.વ. આશરે ૨૧), જૈસીલ નરેન્દ્ર જોષી (ઉ.વ.૧૬), ધ્રુવાંગ મુકેશભાઈ સુથાર અને અન્ય એક મિત્ર ગત રોજ ધૂળેટીના પર્વે વહેલી સવારે ધૂળેટી રમવા ઘરેથી નિકળ્યા હતા. બપોર બાદ આ ચારેય મિત્રો ગાંધીનગર પાસેથી પસાર થતી સાબરમતી નદીના પટમાં કરાઈ પાસેના સાયફનમાં ન્હાવા પડયા હતા. જયાં બે યુવકો જૈસીલ નરેન્દ્ર જોષી અને ધ્રુવાંગ મુકેશ સુથાર પાણીમાં વધુ અંદર જતા બંને ડુબવા લાગ્યા હતા અને તેમને ડુબતા જોઈ કેતનસિંહ ચૌહાણ અને અન્ય એક યુવાન પણ પાણીના પ્રવાહમાં ડુબતા મિત્રોને બચાવવા પડયા હતા પરંતુ પાણીનો ધોધ વધુ હોવાથી પાછા કિનારા તરફ આવ્યા હતા આથી આ બંનેનો આબાદ બચાવ થયો હતો. આ પરીવારના કુળદિપકો બુઝાઈ જતા પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. મોડી સાંજે પોલીસને જાણ થતા અડાલજ પોલીસના જવાનો ઘટના સ્થળે દોડી આવ્યા હતા. અને પાણીમાં ડુબેલા બંને યુવાનોના તરવૈયાની મદદથી મોડી રાત્રે ૧૦ વાગ્યાના સમયે મૃતદેહો બહાર કાઢી ગાંધીનગર સિવિલમાં પી.એમ. અર્થે

● અનુસંધાન પાન-૭ પર

### મૃતકોની યાદી

- જૈસીલ નરેન્દ્રભાઈ જોષી -ઉ.વ.૧૬ (પ્લોટ ૩૪૫/૨, કિશાનનગર સે-૨૬)
- ધ્રુવાંગ મુકેશભાઈ સુથાર ઉ.વ.૨૨ (પ્લોટ ૧૫૬/૧, કિશાનનગર સે-૨૬)
- અમીત રમેશભાઈ ગોહીલ ઉ.વ.૨૨ (રહે. સૂર્યદિપ ટેનામેન્ટ, ગોતા)
- અંકિત રામજીભાઈ પરમાર ઉ.વ.૨૩ (રહે. સૂર્યદિપ ટેનામેન્ટ, ગોતા)
- શશીકાંત પરમાનંદગીરી ગોસ્વામી ઉ.વ.૧૯ (રહે, વસંતનગર ગોતા)

# પંચાયતમાં શિક્ષણ સમિતિના ચેરમેન સામે અવિશ્વાસ પ્રસ્તાવ

## ભાજપના ચાર સભ્યોએ અવિશ્વાસ પ્રસ્તાવ રજુ કર્યો

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં સંપૂર્ણ કેસરીયો લહેરાવવા માટે શિક્ષણ સમિતના ચેરમેન સામે આજે અવિશ્વાસની દરખાસ્ત રજુ કરવામાં આવતાં પુનઃ પંચાયતના રાજકારણમાં ગરમાવો આવ્યો છે.

જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં સમિતિઓની પુનઃરચના કરવાના નિર્ણયના અહેવાલોની શાહી હજુ સુકાઈ નથી ત્યાં ભાજપના ચાર સભ્યોએ આજે શિક્ષણ સમિતિના ચેરમેન ગંભુસિંહ સામે અવિશ્વાસનો પ્રસ્તાવ રજુ કરી દીધો છે.

ગાંભુસિંહ ભાજપમાં બળવાખોરો સાથે જોડાયા હતા અને ગણત્રીના કલાકોમાં જ તેમણે તેઓ કોંગ્રેસ સાથે હોવાનું રટણ કર્યું હતું.

ભાજપના શિક્ષણ સમિતિમાં વરાયેલા ચાર સભ્યો શ્રી જયેશ પટેલ, શ્રીમતી જયોત્સનાબેન પટેલ, શ્રી ગુણવંતસિંહ ચાવડા તથા શ્રી રમણભાઈ વાઘેલાએ આજે આ અવિશ્વાસની દરખાસ્ત જિલ્લા શિક્ષણ સમિતિમાં આપી છે.

હવે સમિતિ દ્વારા દરખાસ્તની ચકાસણીને અંતે સાત દિવસમાં બેઠક બોલાવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

કારોબારી સમિતિ અને શિક્ષણ સમિતિ કોંગ્રેસ હસ્તક હતી. કારોબારી સમિતિમાં ભાજપે સામાન્ય સભામાં કબ્જો મેળવી લીધો હતો. હવે શિક્ષણ સમિતિમાં અવિશ્વાસનો પ્રસ્તાવ લાવી કબ્જો જમાવવા માટેના કેસરીયા કરી દીધા છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં શિક્ષણ સમિતિ પર ભાજપ ૧૫ વર્ષ પછી આગામી દિવસોમાં કબ્જો જમાવશે. આ અવિશ્વાસના પ્રસ્તાવ રજુ કરાયાની વાતો પંચાયત વર્તુળોમાં પ્રસરી જતાં પુનઃ એક વખત વાતાવરણ ગરમાયું છે. એકાદ બે દિવસમાં જ દરખાસ્તની ચકાસણીની પ્રક્રિયા સંપન્ન થયા બાદ આગામી પખવાડિયામાં શિક્ષણ સમિતિની બેઠક મળશે તેમ મનાઈ રહ્યું છે.







